સ્થાનિકો દ્વારા નવા ફ્લાયઓવરની માગ છતાં સરકાર દ્વારા થાગડથીગડથી ચલાવાતી કામગીરી

ભાલેજ બ્રીજ પર ખાડાથી અકસ્માતની ભીતિ

સામરખાચોકડી સુધી આ જ સ્થિતિ:સરકાર દ્વારા મા.મ.વિભાગને ફાળવેલા રૂ.૩કરોડ કયાં?

આણંદ,તા.૧૩

સાડાત્રણ દાયકા પૂર્વે શહેરને સામરખાચોકડીથી એક્ષપ્રેસ હાઈવે જોડતો ભાલેજબ્રીજ સાકાર બાદ સતત વધતા વાહનોના આવાગમન ભારણ પગલે છેલ્લા કેટલાક સમયથી બિસ્માર બનવા પામતાં સ્થાનિકો દ્વારા નવા ફલાયઓવરની માગ છતાં સરકાર દ્વારા થાગડથીગડથી બ્રીજ મજબૂતી માટે પાંચ માસ પૂર્વે ત્રણ કરોડની ફાળવણી કરી હતી. પરંતુ હાલમાં બ્રીજ પરના માગેનુ ધોવાણ થતાં ઠેરઠેર ખાડા ઠેઠ સામરખાચોકડી સુધીના માગે પર હોવાછતાં માગે મકાન વિભાગ દ્વારા બ્રીજનું મજબૂતાઈ કે માગેનું રિકાર્પેટીંગ કરવામાં ન આવતાં ત્રણ કરોડની કરવામાં આવેલ ફાળવણી શું ગાય ચરી ગઈ?ના સવાલ ઉઠવા પામી રહ્યાનું જાણવા મળેલ છે. પ્રાપ્ત વિગત અનુસાર સાડાત્રણ દાયકા પૂર્વે આણંદને સામરખાચોકડીથી એક્ષપ્રેસ હાઈવેને જોડતો ભાલેજબ્રીજ નિર્માણ કરવામાં આવ્યો હતો. પરંતુ બાદમાં વધતા જતા વાહન આવાગમન ભારણના કારણે બ્રીજ બિસ્માર બનતાં તથા બ્રીજ દ્વિમાર્ગીના કારણે છાશવારે ટ્રાફિક જામ તથા અકસ્માતના બનતાં બનાવ પગલે સ્થાનિકો દ્વારા બ્રીજ પહોળો કરવા અથવા નવા ફલાયઓવરની માગ કરવામાં આવતાં રાજ્ય સરકાર દ્વારા પાંચ માસ પૂર્વે માર્ગમકાન વિભાગને બ્રીજને થાગડથીગડથી મજબૂત કરવા રૂપિયા ૩કરોડની ફાળવણી કરવામાં આવી હતી. પરંતુ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં શુષ્કતા સેવતા હાલમાં બ્રીજ પરનો માર્ગે ખખડધજ બની ઠેરઠેર ખાડા ઉપરાંત ઠેઠ સામરખાચોકડી સુધીના માર્ગે ખાડા માગે બનતાં શું સરકાર દ્વારા ફાળવવામાં આવેલ ત્રણ કરોડની રકમ શું ગાય ચરી ગઈ?ના સવાલ સાથે બ્રીજની દિવાલ પર ઠેરઠેર ઝાડીઝાંખરા ઉગી નીકળતા તેના મૂળીયા ઉંડા ઉતરતાં દિવાલ ધરાશાયી બનવા પામે તેવી ભિતી પણ સ્થાનીકો દ્વારા સેવવામાં આવી રહી છે. ત્યારે જો ભાલેજબ્રીજ જકાતનાકા માર્ગે પર તોડફોડ કરી બિલ્ડર દ્વારા સરકારી મિલ્કતને આર્થિક નુકસાન થયા પગલે વિભાગ દ્વારા બિલ્ડર વિરુધ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામા આવે તો દુરસ્ત થયેલ માર્ગે પર વાહનોને નુકસાન થાય તો જવાબદાર કોણ?જેવા સવાલ ઉઠવા પામી રહ્યાનું જાણવા મળેલ છે.

આણંદને વિકાસ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં નેતાગીરી નિષ્ફળ કે સરકારમાં ઉપજતું નથી?

આણંદ જીલ્લો અસ્તિત્વમાં આવ્યાબાદ આજે અઢી દાયકા બાદ પણ શહેર માં વિકાસ સુવિધાઓથી વંચિત રહેવા પામી રહ્યું હોય તેમ છેલ્લા કેટલાક સમયથી સ્થાનિકો દ્વારા ભાલેજબ્રીજ ની સમસ્યા ના ઉકેલ માટે માગ કરવામાં આવતી હોવા છતાં ગઈ ભેંસ પાણીમાની સ્થીતી સર્જાવા પામતી હોય નેતાઓ દ્વારા સરકારમાં રજૂઆત કર્યાના આશ્વાસન આપવામાં આવે અને બાદમાં પરિસ્થિતિ યથાવત રહે ત્યારે શું નિષ્ફળ નેતાગીરી કે ઉપર કાંઈ ઉપજતું નથી?ના સવાલ ભાલેજબ્રીજ સહિત અપૂર્ણ ભૂગર્ભ ગટરયોજના, અત્યાધુનિક બસમથક, આણંદને મહાપાલિકાનો દરજ્જો, એસટીપી પ્લાન્ટ, નવી ડી.પી.,ટી.પી.જેવી અનેક સુવિધા વંચિત પાછળ સરકારની મનસા કે ઉપેક્ષા પર સવાલ થવા પામી રહ્યાનું જાણવા મળેલ છે.

રાજ્ય વિધાનસભા જંગ બાદ અન્ય વિસ્તારના

વોર્ડમાં કામની ફાંકા ફોજદારી કરતાં નેતાઓના વોર્ડ નં.૪ સ્કૂલ માર્ગ ઉપરની મંજૂરી જ ગાયબ

આણંદ,તા.૧૩

રાજ્ય વિધાનસભા જંગ બાદ અને તે પૂર્વે શહેરના લઘુમતી વોર્ડ વિસ્તારમાં પાલીકા દ્વારા વિવિધ સુવિધા ઉભી કરવામાં આવતાં કેટલાક નેતાઓ અમારા કહેવાથી કામ થયાની ફાકાફોજદારી કરતાં નેતાઓના વોર્ડને ૪ વિસ્તારમાં જ ભાલેજબ્રીજથી માણેજવાલા સ્કૂલ તરફના બિસ્માર માર્ગેના નવીનીકરણ માટે પાલીકા દ્વારા મંજૂરી આપવામાં આવ્યાબાદ મંજૂરી જ ગાયબ થતાં માર્ગે સ્થીતી યથાવત રહેતાં કોની શુષ્કતા?જેવા સવાલ ઉઠવા પામી રહ્યાનું જાણવા મળેલ છે. પ્રાપ્ત વિગત અનુસાર છેલ્લા કેટલાક સમયથી શહેરના ભાલેજબ્રીજ નજીક ના સર્વિસ માર્ગે થઈ માણેજવાલા સ્કૂલ તરફ જતો માર્ગે હોય તે બિસ્માર બનતાં વાહનચાલકો તથા સ્કૂલમાં જતાં વિદ્યાર્થીઓ માટે પણ આવાગમન દુષ્કર બનતાં કેવી રીતે ભણશે ગુજરાત ના સવાલ સાથે માગે નવીનીકરણની માગ ઉઠવા પામી હતી. જે તાજેતરમાં વરસેલ વરસાદના પગલે માર્ગે પર પાણી ભરાતાં પાલીકા દ્વારા છારૂઢેબા પાથરી હંગામી સુવિધા આપવામાં આવી. પરંતુ તે પુનઃ ખાડામાં જતાં સાથે પાલીકા દ્વારા અગાઉ સદર માર્ગેના નવીનીકરણ માટે સામાન્ય સભામાં મંજૂરી આપવામાં આવી હતી. પરંતુ તાજેતરમાં પાલીકા સૂત્રના જણાવ્યા પ્રમાણે પાલીકા દ્વારા આપવામાં આવેલ મંજૂરીને જ ગાયબ કરવામાં આવતાં આ મુદ્દે કોણ જવાબદાર? કે ફાંકાફોજદારી કરતાં નેતાઓની શુષ્કતા?ના સવાલ ચર્ચામાં હોવાનું જાણવા મળેલ છે.

દેશપ્રેમ ઉભો કરવાનું આયોજનકે પછી વ્યાપારીકરણ?

મધ્યાહ્ન ભોજન સંચાલકો અને રાશનદુકાન સંચાલકોને દશ તિરંગા લેવાના આદેશ

આણંદ,તા.૧૩

દેશપ્રેમ દેશદાઝ ની ભાવના પ્રજવલિત રહે તેવા આશયથી ગતવર્ષથી સરકાર દ્વારા હર ધર તિરંગા ના આયોજન પગલે આ વર્ષે પંદરમી ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિને આયોજન હાથ ધરતાં આણંદના તંત્રાધીકારીઓ દ્વારા મધ્યાહ્ન ભોજન સંચાલકો તથા રાશનની દુકાનના સંચાલકોને દશ તિરંગા લેવાની અને રૂપિયા૨૫૦ વસુલવાના પગલે નારાજગી પ્રવર્તવા સાથે આ તે કેવા દેશપ્રેમ ઉભા કરવાના આયોજન?ના સવાલ ઉઠવા પામ્યા નું જાણવા મળેલ છે. પ્રાપ્ત વિગત અનુસાર દેશ આઝાદ થયાને ૭૬વર્ષ પૂર્ણ થવા સાથે આગામી ૧૫ઓગષ્ટે ૭૭માં વર્ષમાં પ્રવેશ કરશે. જેના પગલે ગતવર્ષના સરકાર દ્વારા દેશની જનતામાં દેશપ્રેમ દેશદાઝની ભાવના પ્રજવલિત રહે તેવા આશયથી હરધરતિરંગાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત આગામી ૧૫મી ઓગષ્ટે પુનઃ હરધરતિરંગાનું આયોજન હાથ ધરવામાં આવતાંના પગલે આણંદ તંત્રાધીકારીઓ દ્વારા મધ્યાહ્ન ભોજન યોજનાના સંચાલકો તથા રાશનની દુકાન ધરાવતા સંચાલકોને દશ તિરંગા મેળવી રૂપિયા ૨૫૦ વસુલતા બંને સંચાલકોમાં નારાજગી પ્રવર્તવા પામી હોવા સાથે આ તે કેવા દેશપ્રેમની તિરંગાનું વ્યાપારીકરણ કરી ભાવના ઉભી કરવામાં આવી રહી છે તેવા સવાલ ઉઠવા પામ્યાનું જાણવા મળેલ છે.

અધિક માસ નિમિત્તે રવિવાર મુખ્યમંત્રી વડતાલ મંદિરની મુલાકાતે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેવ દર્શન કર્યા બાદ નાગરિકોની સુખાકારી માટે પ્રાર્થના કરી

વડતાલ, તા.૧૩

ગુજરાતના મુખ્ય મંત્રી ભુપેન્દ્ર પટેલ અધિક માસ નીમીતે રવિવારે વડતાલ સ્વામીનારાયણમંદિરમાં બિરાજમાન દેવોના દર્શને પધાર્યા હતા. બ્રહામચારી હરીસ્વરુપાનંદ જીએ મુખ્ય મંત્રીને પ્રસાદીનો હાર પહેરાવી સન્માન કર્યું હતું .

તેઓની સાથે ખેડા જીલ્લા સાંસદ દેવુસિંહ ચોહાણ આણંદ સાંસદ મિતેશ પટેલ,ધારાસભ્ય પંકજ દેસાઈ તથા રમણભાઈ સોલંકી જોડાયા હતા. ગુજરાતના પનોતા પુત્ર અને મુખ્ય મંત્રી ભુપેન્દ્રપટેલ વડતાલ મંદિરે આવતા મુખ્યકોઠારી ડૉ. સંતસ્વામીએ ફુલહાર પેહરાવી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મુખ્ય કોઠારીએ મુખ્ય મંત્રીને વડતાલ મંદિરમાં બીરાજમાન દેવોના દર્શને લઈ ગયા હતા. જ્યાં મુખ્યમંત્રીએ ગુજરાતના નાગરિકોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી દેવો ના દર્શનબાદ મુખ્યમંત્રી વડતાલમંદિરના કોઠારીની ઓફીસમાં પધાર્યા હતા. જ્યાં પ્રેમસ્વામી (કોઠારી બનારસ) વિવેકસ્વામી(કોઠારી સારંગપુર) પવનસ્વામી(કોઠારી કલાલી) હરિઓમ સ્વામી (વડતાલ સંસ્કૃત વિદ્યાલય), વૈકુંઠસ્વામી(કોઠારી ભરૂચ) તથા અન્ય સંતોએ મુખ્ય મંત્રીનું ફૂલહાર પહેરાવી સન્માન કર્યું હતું.

ગળતેશ્વરના વાડદમાં ઉમરેઠ અલ-નાઝ હોસ્પિટલ દ્વારા મફત નિદાન કેમ્પ યોજાયો

આણંદ,તા.૧૩

ઠાસરા ગળતેશ્વર તાલુકાના વાડદ ખાતે શેખ સમાજ તથા વાડદ મસ્જીદ કમિટીના સયુંકત ઉપક્રમે અલ-નાઝ હોસ્પિટલ ઉમરેઠ દ્વારા યોજાયેલ મફત નિદાન કેમ્પ નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં અલ-નાઝ હોસ્પિટલના ડોક્ટર ઈસતીયાક એ.બેલીમ,એમ. બી.બી.એસ(એમ.ડી-યુ.એ દ્વારા મફત સેવા આપવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં વાડદ શેખ સમાજના પ્રમુખ તથા ઉપ પ્રમુખ તેમજ શેખ ગુલામ મૈયુદ્દીન એ,શેખ ઝાકીર મિયા એ,શેખ સલીમ એહમદ એ,શેખ યુસુફ મિયા યુ,શેખ આરીફ હુસૈન વાય(બકા),શેખ હસન મિયા આર,શેખ આસીફ મિયા આઈ,શેખ મુખત્યાર મિયા એસ,શેખ ઈમ્તિયાઝ મિયા એસ,શેખ ઈરફાન મિયા બી,ઇલ્યાસ મિયા એસ,મુસ્તુફા એમ.એલ.એ,ઈરફાન બી.બેલેન્સવાળા તથા ઠાસરા ગળતેશ્વર તાલુકાના શેખ સમાજના પ્રમુખ હેબૂબ મિયા શેખ,તથા ઝાકીરભાઈ રાજવન હાજર રહ્યા હતા.આ કેમ્પમાં આશરે ૨૫૦થી ૩૦૦ ગરીબ દર્દીઓએ કોઈપણ નાતજાતના ભેદભાવ વગર આ કેમ્પનો લાભ લીધો હતો.

અમૂલની ૭૭મી વાર્ષિક સાધારણ સભા યોજાઇ : પદાધિકારીઓ અને સભ્યો હાજર રહ્યા

ડેરીનુ ટર્નઓવર ૧૧ કરોડ ઉપરાંત અને ગતવર્ષ કરતાં ૧૪.૨૩% વૃધ્ધિ દરને આંબ્યું

આણંદ,તા.૧૩

ગતસદીના ચાલીસમા દાયકામાં એકતરફ દેશ આઝાદીના નારા બુલંદ બની રહ્યા હતા તેની વચ્ચે દેશ આઝાદ થવાના આરે હોય તેવા અંદેશા સાથે સરદાર પટેલે સહકારી પ્રવૃત્તિને ઉભી કરી સહકારી માળખું બને અને તેના દ્વારા ખેડૂતો પશુપાલકો પગભર બને તેવી વિચારધારાની પ્રેરણાથી આણંદ ખાતે ૭૭ વર્ષ પૂર્વ ત્રિભુવનદાસ પટેલ, ડો.કુરીયન સહિત અન્ય સહકારી માધાંતાઓ દ્વારા ખેડાજીલ્લા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની સ્થાપના કરી જે બીજ વાવેલું હતું તે બાદમાં ઓળખ પામેલ અમૂલ આજે ૭૭માં વર્ષે વટવૃક્ષ બનતાં ડેરીની યોજાયેલ ૭૭મી વાર્ષિક સાધારણ સભામાં ટર્નઓવર રૂપિયા ૧૧,૮૦૩ કરોડ જે ગતવર્ષ કરતાં ૧૪.૨૩%ના વૃધ્ધિ દરને આંબતા આગામી વર્ષે ટર્નઓવર ૧૩હજાર કરોડને આંબશેનો વિશ્વાસ અમૂલના ચેરમેન વિપુલ પટેલે વ્યક્ત કર્યો હતો. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે દૂધ ઉત્પાદન વધારવા તથા પશુ સ્વાસ્થ્ય સુધારવા નવી ટેકનોલોજી અપનાવી વેટરનરી સેવાઓ માં વધારો કરવામાં આવ્યો છે. સરકારની ગોબરધન બાયોગેસ યોજના અંતર્ગત વિવિધ ગામડામાં ૬૦૦ જેટલા સ્થાપવામાં આવ્યા છે. જે આગામી વર્ષે ૫હજારના લક્ષ્યને આંબશે. સાથે સાથે અન્ય પ્રોડક્ટ જેવી કે આટા,નુડલ્સ, ટોમેટો કેચઅપ,એનર્જી ડ્રીંક ચીપ્સ તથા માયોનીઝ જેવી પ્રોડક્ટ બજારમાં મૂકવામાં આવી છે. આ ઉપરાંત પ્લાન્ટની ઉત્પાદનક્ષમતા વધારવા પ્લાન્ટના વિસ્તરણ કરવામાં આવશે. આ ઉપરાંત નવા પ્લાન્ટ રાજ્ય તથા રાજ્ય બહાર ઉભા કરવા આયોજન કરવામાં આવી રહ્યાનું જણાવ્યું હતું. આ પ્રસંગે ડેરીના વાઈસચેરમેન કાન્તીભાઈ સોઢાપરમાર,પૂર્વ ચેરમેન રામસિંહ પરમાર, રાજેન્દ્રસિંહ પરમાર, અન્ય ડીરેક્ટર અમૂલ એમ.ડી.અમીત વ્યાસ સહિત આણંદ, ખેડા, મહિસાગર જીલ્લાની વિવિધ દૂધમંડળીના સભાસદો ઉપસ્થિત રહયા હતા.

ઓડિટર ફર્મ ડેલોઈટે અદાણી ગ્રૂપમાંથી રાજીનામું આપ્યું

મુંબઈ, તા.૧૩

અદાણી પોર્ટ્સ એન્ડ સેઝની ઓડિટર ફર્મ ડેલોઈટ હાસ્કિન્સ એન્ડ સેલ્સ એલએલપી એ કંપનીના ઓડિટરપદેથી રાજીનામું આપ્યું છે. જ્યારે આ કંપની એમએસકેએ એન્ડ એસોસિએટ્સ દ્વારા બદલવામાં આવશે, જૂથે નવા ઓડિટર તરીકે તેની નિમણૂકની પુષ્ટિ કરી છે. ડેલોઈટ ૨૦૧૭થી ઓડિટરનું કામ સંભાળી રહી હતી

જુલાઈ ૨૦૨૨માં તેને પાંચ વર્ષની બીજી મુદત આપવામાં આવી હતી. મીડિયા અહેવાલો અનુસાર, અદાણી ગ્રૂપે શનિવારે જણાવ્યું હતું કે તેના ઓડિટર તરીકે રાજીનામું આપવાના ડેલોઈટના કારણો યોગ્ય નથી, તેમણે ઉમેર્યું હતું કે ડેલોઈટ દ્વારા કંપની છોડવા માટે આપવામાં આવેલા કારણો બહુ વિશ્વાસપાત્ર ન હતા. અદાણી પોર્ટ્સ અને સેઝના નવા ઓડિટરની નિમણુંક કરાઈ. ભારતમાં એકાઉન્ટિંગ સેવાઓ પ્રદાન કરે છે. તે બીડીઓ ઈન્ટરનેશનલની સ્વતંત્ર સભ્ય પેઢી છે, જે ટોચની છ વૈશ્વિક ઓડિટ કંપનીઓમાંની એક છે. એવું માનવામાં આવે છે કે આની પાછળ હિંડનબર્ગ રિપોર્ટ છે, જેમાં કેટલાક ટ્રાન્ઝેક્શન પર સવાલ ઉઠાવવામાં આવ્યા હતા. હિંડનબર્ગના રિપોર્ટ બાદ અદાણીને મોટું નુકસાન થયું હતું. તેનું મૂલ્ય લગભગ ડોલર ૧૫૦ બિલિયન ઘટી ગયું હતું, પરંતુ તેનું દેવું ચૂકવીને અને રોકાણકારોનો વિશ્વાસ પાછો મેળવ્યા બાદ તેણે ગુમાવેલી જમીન પાછી મેળવી છે. હિંડનબર્ગ રિસર્ચે તેના ૨૪ જાન્યુઆરીના અહેવાલમાં અદાણી જૂથ સામે છેતરપિંડી, સ્ટોક મેનિપ્યુલેશન અને મની લોન્ડરિંગના આરોપો મૂક્યા હતા. અદાણી ગ્રુપે તમામ આરોપોને નકારી કાઢ્યા છે. ડેલોઈટે પ્રશ્નો ઉઠાવ્યા હતા. ૨૦૧૦માં, ડેલોઈટે કંપનીના ખાતાઓ પરની તેની કોમેન્ટ્રીમાં ત્રણ સોદા અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા. જોકે, ડેલોઈટે જણાવ્યું હતું કે તે કંપનીના નિવેદનને ચકાસી શકતી નથી કારણ કે દાવાઓને સમર્થન આપવા માટે કોઈ સ્વતંત્ર બાહ્ય તપાસ નથી.

શ્રીલંકામાં આઈએમએફ સપ્ટેમ્બરમાં બેલઆઉટ પ્રોગ્રામની સમીક્ષા કરશે : નાણામંત્રી

કોલંબો, તા.૧૩

શ્રીલંકાના નાણાપ્રધાન રણજિત શ્યામાબાલાપીટીયાએ જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (આઈએમએફ) ૧૧ થી ૧૯ સપ્ટેમ્બર સુધી ટાપુ રાષ્ટ્ર માટે ડોલર ૨.૯ બિલિયનના બેલઆઉટ પેકેજની તેની પ્રથમ સમીક્ષા કરશે. તેમણે એમ પણ કહ્યું કે દેશે વૈશ્વિક ધિરાણકર્તા દ્વારા નિર્ધારિત નવ શરતો સફળતાપૂર્વક પૂરી કરી છે. જેનાથી તેઓ પ્રભાવિત થયા હતા. દેશનું વિદેશી મુદ્રા ભંડાર અત્યાર સુધીના નીચલા સ્તરે પહોંચી ગયું છે. જેના કારણે ઈંધણ, ખાતર તેમજ જીવનજરૂરી ચીજવસ્તુઓની અછત સામે જનતા રસ્તા પર ઉતરી આવી હતી. જ્યારે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ આ વર્ષે માર્ચમાં મંજૂર કરાયેલા ડોલર ૨.૯ બિલિયન બેલઆઉટની તેની પ્રથમ સમીક્ષા હાથ ધરશે ત્યારે આકાર લેશે. સિયામ્બલપીટીયાએ જણાવ્યું હતું કે આઠ દિવસીય સમીક્ષા ૧૧ થી ૧૯ સપ્ટેમ્બર દરમિયાન યોજાવાની છે. કેન્દ્રીય બેંક, નાણા મંત્રાલય અને નાણામંત્રી સમીક્ષામાં સામેલ થશે.'અમારે નવ પૂર્વ શરતો પૂરી કરવાની હતી જે અમે સફળતાપૂર્વક પૂરી કરી છે. ૨૦૨૭ સુધી આઠ હપ્તા છૂટા કરવાની વ્યવસ્થા હતી.